# શાળા-કોલેજોમાં ઈન્ટરનલમાર્કસ - ઉગ્રવાદ, ઉદારવાદ અને ઉત્કૃષ્ટવાદ !

શિક્ષણનો હેતુ બાળકનો સર્વાંગી વિકાસ કરવાનો છે. પરિણામ સ્વરૂપ શિક્ષણના અંતે દરેક બાળકનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જેથી નક્કી કરી શકાય કે બાળકનો વિકાસ કેટલા અંશે થયો છે. જેમાં બાળકે કેટલું જ્ઞાન મેળવ્યું છે, તે જ્ઞાનને કેટલા અંશે સમજી શક્યો છે, મેળવેલ જ્ઞાનને કેટલાઅંશે ઉપયોગમાં લઈ શકે છે સાથે જ તેનામાં વિશિષ્ટ કૌશલ્ય સિધ્ધ થયા છે કે કેમ વગેરે બાબતો પૂર્ણ થાય તો જ કહી શકાય કે તેનો કેટલાંક અંશે સર્વાંગી વિકાસ થયો છે. પરિણામ સ્વરૂપ જ્ઞાન ઉપરાંત અન્ય બાબતોનું પણ મૂલ્યાંકન કરવું જરૂરી બની જાય છે. આમછતાં હજુ આપણે એટલા તો પાછળ છીએ કે જ્ઞાન સિવાયની બાબતોનું સો ટચના સોના જેવું મૂલ્યાંકન કરવાની પ્રયુકિત શોધી શક્યા નથી. જેથી હાથવગી અને સરળ પ્રયુકિતનો ઉપયોગ કરીને ચલાવીએ છીએ. આ હાથવગી અને સરળ પ્રયુકિતમાંની એક પ્રયુક્તિ એટલે જ આંતરિક મૂલ્યાંકન.

લેખિત પરીક્ષામાં ૧૦૦ ગુણમાંથી ૯૮ ગુણ મેળવનાર વિંચાર્થીનો સાથી મિત્રો સાથેનો વ્યવહાર સારો ન હોય, તેનામાં વકતૃત્ત્વ શક્તિ ન હોય, તે શારીરિક રીતે નબળો હોય, તેનામાં નિર્ણય શક્તિ ન હોય, તેની સામાજિકતામિતિ ખૂબ જ નીચી હોય, તેને સામાજિકકાર્યોમાં રસ ન હોય, ભણવાના વિષયોને સંલગ્ન અન્ય માહિતીથી તે અજાણ હોય, નેતૃત્ત્વ શક્તિનો અભાવ હોય વગેરે બાબતો સારા માનવીનું નિર્માણ કરતી નથી. માટે જ શાળા-કોલેજકક્ષાએ અભ્યાસની સાથે સાથે સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે. જેથી વિંચાર્થીમાં અન્ય ગુણોનું પણ સિંચન થાય. વિંચાર્થીએ મેળવેલ જ્ઞાનનું મૂલ્યાંકન આપણે લેખિત પરીક્ષા દ્બારા કરી છીએ. સાથે જ તેનામાં બીજા અન્ય કયા ગુણો કે કૌશલ્યો વિકસ્યા છે તે જાણવા વિંચાર્થીએ વર્ષ દરમિયાન શાળા-કોલેજમાં કરેલ કાર્યને આધાર રૂપ બનાવીએ છીએ.

આ રીતે જોતાં આ પ્રયુક્તિ સાવ નકામી તો નથી જ. આમછતાં આ પ્રયુકિતની સફળતાનો આધાર મૂલ્યાંકનકર્તા પર રહે છે. અહીં "સિસ્ટમ" દેખાય છે પણ "સચ્ચાઈ" નથી દેખાતી. શાળા કક્ષાએ આંતરિક ગુણાંકનનું મહત્ત્વ વર્ગમાં રેન્ક મેળવવા પૂરતું જ મહત્ત્વ ધરાવે છે. પણ કોલેજ કક્ષાએ આંતરિકગુણાંકનનું મહત્ત્વ અન્ય જગ્યાએ પ્રવેશ મેળવવા કે નોકરી માટે ખૂબ જ મહત્ત્વનું સાબિત થાય છે. જેથી કોલેજિયનો સારાં ઈન્ટરનલ માર્કસ મેળવવા વિવિધ પ્રયુક્તિઓનો ઉપયોગ પણ કરે છે અને ક્યારેક મૂલ્યાંકનકર્તા એ પ્રયુકિતરૂપી જાળમાં ફસાઈ પણ જાય છે તો ક્યારેક કેટલાંક મૂલ્યાંકનકર્તા વિંચાર્થીઓને બિચારા-બાપડા સમજીને તેમના ભવિષ્યને ક્યાં અવરોધવું, તેમ માનીને ઉદારહૈયે અને હાથે ગુણાંકન કરતાં હોય છે. તો વળી કેટલાક મૂલચાંકનકર્તા વર્ષ દરમિયાન વિંર્ચાર્થીની"થયેલ ભૂલ કે કોઈ ચોક્કસ વર્તનની મનમાં ગાંઠ વાળીને જ બેઠેલા હોય છે. જેનો બદલો ઈન્ટરનલમાર્કસ આપતી વખતે વાળી લે છે. જોકે આવી બાબતોથી વિંચાર્થીને અન્યાયનો ભોગ બનવું પડતું હોય તેવા કિસ્સા ખૂબ જ ઓછા જોવા મળે છે. છતાં નથી જ બનતા તેમ ન કહી શકાય. આ રીતે જોતાં કેટલાંક મૂલ્યાંકનકર્તા ઉદારવાદી હોય છે તો વળી કેટલાંક મૂલ્યાંકનકર્તા ઉગ્રવાદી

પણ હોય છે. અહીં મૂલ્યાંકનકર્તાના બે રૂપ જોવા મળે છે. કંસ અને કૃષ્ણ. હકીકતમાં મૂલ્યાંકનકર્તાએ આ બંને રૂપ ધારણ કરવાની જરૂર નથી. તેણે સચ્ચાઇ અને શિક્ષણને ધ્યાનમાં રાખીને જ કામ કરવાનું હોય છે. છતાં કયારેક વ્હાલાદવલાંની નીતિ પણ જોવા મળે છે. એક જ શાળા કે કોલેજમાં ક્યારેક અમુક શિક્ષક ઉગ્રવાદને પરણેલા હોય છે તો અમુક શિક્ષક ઉદારવાદને પરણેલા હોય છે. તો વળી ખૂબ જ ઓછા પણ ઉત્કૃષ્ટવાદને પરણેલા પણ છે. જેમાં અન્યાય થાય છે માત્ર સાચા વિંચાર્થીને. જુદી જુદી કોલેજો વચ્ચે પણ આ જ પરિસ્થિતિ જોવા મળે છે. કેટલીક કોલેજો તો કર્ણ કરતાં પણ વધુ ઉદાર બની જાય છે, જે જોઇને તટસ્થતાથી ગુણાંકન કરતી કોલેજને પણ વટલાયા વિના છૂટકો થતો નથી. કારણકે જો તે ન વટલાય તો તેને ત્યાં અભ્યાસ કરતાં વિંચાર્થીઓને સચ્ચાઇના કારણે જ અન્યાયનો ભોગ બનવાનો વારો આવે છે. પરિણામ સ્વરૂપ આજે વટલાવાની પ્રથા શરૂ થઇ ગઇ છે જેનો અંત ક્યારે અને ક્યાં સુધી વટલાઇને આવશે તે કહેવું ખૂબ જ મુશ્કેલ છે. આમછતાં આ હકીકત સમાજ અને શિક્ષણ માટે સારી તો નથી જ. જેને ધ્યાનમાં લઇને જેના કારણે કોલેજો કે શિક્ષકો વટલાઇ રહી છે, તેવા તત્ત્વોને શોધીને દાબી દેવા જોઇએ. આ કામ સહેજ પણ મુશ્કેલ નથી. જરૂર છે માત્ર સત્તાધીશોના સંકલ્પની અને તે પ્રમાણેના અનુકાર્યની.

ઉપરોક્ત દૂષણોને કારણે આજે એક નવો સૂર પણ સંભળાય છે કે ઇન્ટરનલગુણાંકન દરેક ક્ષેત્રમાંથી દૂર કરવાં જોઇએ. આ સૂર ને બેસૂરો બનાવવામાં જ શિક્ષણની ભલાઇ છે. રોગ નાબૂદ કરવાના બદલે અંગ જ કાઢી નાંખવાની વાત છે. ઇન્ટરનલગુણ જ એક એવી વ્યવસ્થા છે કે જે વિંચાર્થીને શૈંક્ષણિક રીતે નિયમિત અને નિયંત્રિત કરી શકે છે. આંતરિકગુણાંકનને કારણે જ વિંચાર્થીઓ અને વાલી જ્ઞાન સિવાયના કૌશલ્યને મહત્ત્વ આપે છે. જે દિવસે આંતરિકગુણાંકન નહીં હોય તે દિવસે કોલેજોમાં કાગડા ઉડતા હશે, શાળા-કોલેજો જ્ઞાનની હાટડી બની જશે. અંતે વાલી-વિંચાર્થીઓ કહેશે કે અમે ઘેર બેસીને પણ જ્ઞાન લઇ શકીએ છીએ અમારે શાળા-કોલેજમાં જવાની શી જરૂર છે! તેમાં પણ વ્યાવસાયિક તાલીમ આપતી સંસ્થાની પરિસ્થિતિ તો સાવ બદતર બની જશે. માટે જ શાળા-કોલેજોમાં ઇન્ટરનલ ગુણાંકન હોવું જ જોઇએ ,પણ ઇન્ટરનલગુણ માટે ઉદારવાદ કે ઉગ્રવાદને બદલે ઉત્કૃષ્ટવાદની આવશ્યકતા છે.

ઇન્ટરનલગુણ એ શાળા-કોલેજ કે વ્યક્તિની ઇન્ટરનલ બાબત ન બનતાં ઇન્ટરકોલેજ, ઇન્ટરસ્ટેટ કે ઇન્ટરનેશનલ બાબત બનવી જોઇએ. મૂલ્યાંકનકર્તાએ શિક્ષણના હિતને ધ્યાનમાં રાખીને નિષ્ઠા, પારદર્શિતા અને હિંમતથી કામ કરીને અન્યને પણ આ બાબતથી વટલાવવા માટેના ઇરાદાપૂર્વકના પ્રયત્નો કરવા જોઇએ.